# પેથાપુર નગરપાલિકા માટે ૫૪ ઉમેદવારો મેદાનમાં

## ભાજપના ૨૮, કોંગ્રેસના ૨૪ અને બે અપક્ષ ઉમેદવારો મેદાનમાં : સોમવારે ચકાસણી થશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાના આજે અંતિમ દિવસે ૪૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ ચૂંટણીમાં હવે કુલ ૫૪ ઉમેદવારો મેદાનમાં છે.

સોમવારે ઉમેદવારી પત્રોની ચકાસણી સવારે ૧૧ વાગે હાથ ધરાશે. આ પછી આ ચૂંટણીમાં કેટલા ઉમેદવારો જંગમાં રહે છે તે સ્પષ્ટ થશે. જોકે હાલ બે અપક્ષ ઉમેદવારો સહિત ૫૪ ઉમેદવારો મેદાનમાં છે. પરંતુ સીધો જંગ ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખેલાશે તેવું સ્પષ્ટ મનાઈ રહ્યું છે.

બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી અંગે છેલ્લી ઘડી સુધી સસ્પેન્સ રાખવામાં આવતાં આ જંગ રોચક બનશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

ગઈકાલે ભાજપના ૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવ્યા બાદ આજે વધુ ૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તો કોંગ્રેસે તેના ૨૪ ઉમેદવારોના ફોર્મ આજે જ ભરાવ્યા છે. બે અપક્ષ ઉમેદવારોએ પણ આ જંગમાં ઝુકાવ્યુ છે. વોર્ડ નં. ૧ અને ૬માં અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

પેથાપુર નગરપાલિકાની ૨૪ બેઠકો માટે ઉમેદવારી નોંધાવવાનો રસ નાયબ કલેક્ટર (ઈવીક્શન)ની કચેરીમાં સવારથી જ જોવા મળ્યો હતો. બન્ને પક્ષોના ઉમેદવારો તેમના સમર્થકો સાથે કલેક્ટર કચેરી આવી પહોંચ્યા હતા. બપોરે ૩ વાગે પણ ઉમેદવારોની લાઈન જોતાં ચૂંટણી અધિકારીશ્રી રાકેશ વ્યાસ અને મદદનીશ ચૂંટણી અધિકારી શ્રી ડી.જી. મોદીએ ઉમેદવારોને ચેમ્બરમાં બોલાવી ચેમ્બરમાં બધાજ ઉમેદવારોને અંદર લઈ ચેમ્બર બંધ કરી દીધી હતી. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા ૩.૩૦ સુધી ચાલી હતી.

જો કે આ પછી પણ કેટલાક ઉમેદવારો આવ્યા હતા પરંતુ અધિકારીઓએ ઉમેદવારોને સમય પૂર્ણ થઈ ગયો હોવાનું જણાવી ઈન્કાર કર્યો હતો.

**પેથાપુરમાં કયા વોર્ડમાં કેટલા ઉમેદવારો**

| | |
|---|---|
| વોર્ડ નં. ૧ | ૧૧ |
| વોર્ડ નં. ૨ | ૦૮ |
| વોર્ડ નં. ૩ | ૦૮ |
| વોર્ડ નં. ૪ | ૦૯ |
| વોર્ડ નં. ૫ | ૦૮ |
| વોર્ડ નં. ૬ | ૧૦ |
| કુલ | ૫૪ |

આજે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા દરમ્યાન જિલ્લા ભાજપના મહામંત્રી હિતેન્દ્ર પટેલ તથા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી પણ કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા.

ભાજપના ઉમેદવારોમાં બે મુસ્લિમ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ-ભાજપ દ્વારા યુવા ઉમેદવારોની પસંદગીને અગ્રતા આપવામાં આવી છે.

૨૧મી ફેબ્રુઆરીએ આ ચૂંટણી જંગ યોજાવાનો છે. સોમવારે ચકાસણી થશે અને મંગળવારે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. ગુરૂવારથી બન્ને પક્ષો પોતાના પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે તેમ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

### કડી તાલુકા આરોગ્ય કચેરીનું લોકાર્પણ કરાશે


રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૬૦ લાખના ખર્ચે નિર્મિત કડી તાલુકા આરોગ્ય કચેરીનું લોકાર્પણ આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે ૭ ફેબ્રુઆરી રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે થનાર છે. રવિવારે આ કાર્યક્રમ ચંપાબેન રતિલાલ પટેલ ટાઉનહોલ ભીમનાથ મહાદેવ કડી ખાતે યોજાનાર છે.

### આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મકર**

**આજના ગ્રહોની કુંડળી**




**અમાવસ્યા યોગ છે. કાલ સર્પ યોગ છે. ચાંડાલ યોગ છે.**

**મેષ** દસમા સ્થાનમાં સૂર્ય - ચંદ્રની યુતિ તેમજ સાતમે મંગળ રાશિને જોતો હોઈ આજે તમોને તમારા ક્ષેત્રમાં ન ધારેલી સફળતા પ્રાપ્ત થશે. દિવસ આનંદમય જશે.

**વૃષભ** તમારી રાશિ ઉપર શનિ - મંગળની દ્રષ્ટિ પડતી હોઈ આજે તમો વધુમાં વધુ અર્નિણયક્તા રાખીને ચાલશો - મૂંઝવણમાં દિવસ પસાર થાય.

**મિથુન** સાતમે બુધ - રાશિપતિ છે - વળી શુક્ર સાથે યુતિમાં છે - તમારા આજના નિર્ણયો પુખ્ત બુદ્ધિયુક્ત રહેશે જેના કારણે ભવિષ્યમાં તમોને મોટા લાભ મળશે.

**કર્ક** ચોથે મંગળ - સાતમે સૂર્ય તેમજ અમાસ યોગ એમ મળી બધા ખરાબ યોગોથી આપ ઘેરાયેલા છે - સતર્ક રહેશોને ભક્તિમય રહેશો તો નુકસાન ઓછું થશે. સાચવવું.

**સિંહ** ચાંડાલ યોગને કાલસર્પ યોગથી આપ ઘેરાયેલા છો - વળી અમાવાસ્યા યોગ પણ છે તેથી પડવા - વાગવા - દાઝવાથી સાચવવાની જરુર છે. ભક્તિ કરશો તો નુકસાન નહીં થાય.

**કન્યા** બારમે રાહુને બીજે મંગળથી ઘેરાયેલા આપ ચોથે બુધ - શુક્રની યુતિના કારણે થોડી રાહત અનુભવો. નાનકડો ક્ષણિક લાભ મળી જાય - ધ્યાન રાખવું.

**તુલા** વ્યવસાયિક નવાં રોકાણો - સાહસો કરવાના પ્રયત્નો કરશો તો તેમાં તમોને ચોક્કસ સફળતા મળશે - કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે - દિવસ આનંદમાં જશે.

**વૃશ્ચિક** શનિની પનોતીની અસરો નડતી નથી કારણમાં બુધ - શુક્રની યુતિ બીજે છે. ફાયદો કરાવે - વડીલો દ્વારા લાભ થાય. કૌટુંબિક સુખ શાંતિ જળવાઈ રહે.

**ધન** રાશિમાં બે શુભ ગ્રહો તેમજ રાશિપતિ નવમે રહી રાશિની દ્રષ્ટ કરતો હોઈ તમારા દિવસનાં તમામ કાર્યોમાં તમો આનંદથી સહભાગી થઈને લાભ મળેવશો.

**મકર** રાશિમાં ચંદ્ર સૂર્ય રાશિપતિ શનિથી દ્રષ્ટ હોઈ તમારા કુશળતાથી તમો લાભ મેળવશો - બારમે શુક્ર - બુધની યુતિથી તમોને આકસ્મિક લાભ મળવાની શક્યતા છે.

**કુંભ** રાશિ - ગુરુ રાહુથી દ્રષ્ટ ચંડાલયોગ તથા કાલ સર્પ યોગથી ઘેરાયેલ છે. તેમજ બારમે અમાસ યોગ પણ થાય છે - ભક્તિમય દિવસ પસાર કરવો - ધ્યાન રાખી સાચવવું.

**મીન** રાશિપતિ છઠ્ઠે રાહુ સાથે ચાંડાલ યોગમાં છે - આઠમે મંગળ છે - સાચવીને ચાલવું. ભક્તિમય દિવસ પસાર કરશો તો શૂળીનો ઘા સો યે સરશે - સાચવશો.







### મહેસાણા ખાતે એરોડ્રામમાં ઉત્તર ગુજરાત એરો સ્પોટ ઈવેન્ટ કાર્યક્રમ યોજાયો

આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલે ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ અને ગુજ સેઈલ દ્વારા આયોજિત એર-શોને ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે કોઈપણ ક્ષેત્રમાં પૂર્ણ પણે તાલીમ અને સમર્પિત પ્રતિબદ્ધતાથી જ સાહસ અને સફળતાને વરી શકાય છે. ૨૧મી સદીના બાળકો અને યુવાઓ માટે આવી રોમાંચક સાહસ પ્રવૃત્તિઓ વિકસે અને સઘન તાલીમ તેમને મળે તેવી રાજ્ય સરકારની નેમ છે. આરોગ્ય મંત્રીશ્રી નિતિનભાઈ પટેલે મહેસાણાના નગરજનોને હવાઈ ઉડ્ડયન અને આધુનિક વિમાની તકનીક નિહાળવા ઐતિહાસિક અવસર મળ્યો છે. એડવેન્ચર પ્રવૃત્તિના ફલકને યુવા પેઢી સુધી વિસ્તારવામાં નવી પ્રેરણા પૂરી પાડશે. સાહસ અને રોમાંચથી ભરપૂર એવા એડવેન્ચર સ્પોર્ટસની દિશામાં કઈ રીતે નવા અભ્યાસક્રમ વિકસિત કરી શકાય અને હવાઈ ઉડ્ડયન ક્ષેત્રને કારકિર્દી ઘડતર માટેનું ક્ષેત્ર પણ બનાવી શકાય તે દિશામાં નૂતન પગલાં વિચારણાં શિક્ષણવિદોને મંથન કરવાં અનુરોધ કર્યો હતો. નાગરિક ઉડ્ડયન ક્ષેત્રના વિકાસ માટે ૨૦૦૨થી રાજ્ય સરકારે 'ગુજ સેઈલ' કંપની ચાલુ કરી છે. ગુજરાતે હવાઈ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ સાધી છે. વિશ્વભરમાં એર શૉ થાય છે પરંતુ મહેસાણામાં પ્રથમ વખત એર-શૉ યોજાઈ રહ્યો છે. તેનો હર્ષ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

# નવસારી દુર્ઘટનામાં મૃત્યુઆંક ૪૫ પર પહોંચ્યો

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મૃત્યુ પામેલા લોકોના સગા સંબંધીઓને મળ્યા : ઇજાગ્રસ્તના ખબર અંતર પણ પુછ્યા

અમદાવાદ,તા. ૬

દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લામાં પુર્ણા નદીમાં બસ ખાબકી જવાના બનાવમાં મોતનો આંકડો વધીને હવે ૪૫ ઉપર પહોંચી ગયો છે. આ ગમખ્વાર અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત હજુ ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત દેખાઈ રહી છે. બચાવ અને રાહત કામગીરી હજુ જારી રહી છે. દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મૃત્યુ પામેલા લોકોના સગા સંબંધીઓ અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા લોકોના ખબર અંતર પુછ્યા હતા. મૃત્યુ પામેલા લોકો પ્રત્યે દુખ વ્યક્ત કર્યુ હતું. ગુજરાત સરકારે ગઈકાલે જ મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો માટે ચાર-ચાર લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી દીધી હતી. તમામ મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. કેટલાક લોકો લાપતા હોવાના અહેવાલ મળ્યા છે. જેથી તંત્રની ચિંતા વધી ગઈ છે. ગઈકાલે સાંજે આ માર્ગ અકસ્માત થયો હતો. નદીમાંથી મૃતદેહો શોધી કાઢવાની કામગીરી હજુ ચાલી રહી છે. નવસારી અમદાવાદથી ૨૮૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. આ બસ નવસારીથી ઉકાઈ તરફ જઈ રહી હતી. આ બસમાં અકસ્માતના સમય કેટલાક યાત્રીઓ હતા તે અંગે વધારે માહિતી મળી શકી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે આ બસ ભરચક હતી. ડ્રાઈવરે કાબુ ગુમાવતા બનાવ બન્યો હતો. માર્યા ગયેલા લોકોમાં ડ્રાઈવર અને કન્ડેક્ટરનો સમાવેશ થાય છે. પોલીસ અને ફાયરની ટીમ પણ તપાસ કરી રહી છે. બનાવમાં મૃત્યુ પામેલા લોકોના નજીકના સંબંધીઓને ચાર ચાર લાખ રૂપિયાની નાણાંકીય સહાયની ગુજરાતના મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ દ્વારા તરત જ જાહેરાત કરવામાં આવી હતી. ઘાયલ થયેલા લોકોને નજીકની જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા છે જે પૈકી કેટલાક ગંભીર હોવાની માહિતી મળી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે.મૃત્યુ પામેલાઓમાં વિદ્યાર્થીઓ હોવાની વિગત પણ મળી છે. રાજ્ય પરિવહન નિગમની આ બસ ગઈકાલે દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ આમા મૃત્યુપામેલાઓમાં ડ્રાઈવર અને કંડક્ટરનો સમાવેશ થાય છે.

### લોન ટેનિસ ડબલ્સમાં ચેમ્પિયન

ગાંધીનગર, તા.૬

ખેલ મહાકુંભ લોન ટેનિસ ડબલ્સની સ્પર્ધામાં શ્રી અતુલ બક્ષી





અને શ્રી શિરિષ સુતરિયા ચેમ્પિયન થયેલ છે. આ બંને ખેલાડીઓ છેલ્લા પાંચ વર્ષથી ગાંધીનગર જિલ્લા ખેલ મહાકુંભની ટેનિસ ટીમમાંથી રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરતાં આવ્યા છે.

વધુમાં ખેલ મહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધામાં ૨૦૧૧માં આ ખેલાડીઓએ વિજેતાપદ અને ૨૦૧૩માં તેએ ઉપવિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. આ બંને ખેલાડીઓ છેલ્લા કેટલાક વર્ષોથી સરકારી કર્મચારીઓ માટેની અખિલ ભારતીય મુલ્કિ સેવા લોન ટેનિસ સ્પર્ધામાં પણ ગુજરાત રાજયની ટીમમાંથી પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

### વડનગર ખાતે વાલ્મિકી સમાજ સેવકોનું સન્માન

મહેસાણા, તા. ૬

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ આજે જણાવ્યું હતું કે વડનગરની ધરતી એક ગજબની આલૌકિક શક્તિ ધરાવે છે. વર્ષો પહેલાં કિર્તી તોરણ, બૌદ્ધ સાંસ્કૃતિ, તાના-રીરી તેના સાક્ષી છે અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ આ ધરતીના સપૂત છે તે આપણા અને સમાજ માટે ગૌરવની વાત છે.

સર્વોદય સેવા ટ્રસ્ટ અમદાવાદ વિસામો વૃદ્ધાશ્રમ વડનગર દ્વારા વાલ્મિકી સમાજ સેવકોનું સન્માન કરવાનો કાર્યક્રમ વડનગર ખાતે યોજાઈ ગયો હતો. જેનું ઉદ્ઘાટન કરતા રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ જણાવ્યું હતું કે વિસામો ટ્રસ્ટ દ્વારા સમાજના છેવાડાના માનવીને સન્માન આપી સાંપ્રત સમાજ સાથે જોડવાનો છે જે પ્રયાસ કરવામાં આવે તે આનંદ અને આવકારની બાબત છે.

### વન્યસૃષ્ટિ પરિચય

● ૪ પાનાનું ચાલુ...

વિવિધતાના રક્ષણ અને વ્યવસ્થાપન હેતુ બાયોડાયવર્સિટી એક્ટ ૨૦૦૨ પર અમલમાં છે.

નવી જાતિઓની ઓળખથી આપણે તે કેવી રીતે જીવે છે? તેનો પરિસ્થિતિક તંત્રમાં શું રોલ છે? તેની જાણકારી મળે છે અને સંરક્ષણમાં અસરકારક પગલાં લેવામાં તે ઉપયોગી બને છે. ઉપરાંત ઉત્ક્રાંતિનો ઇતિહાસ, જીવોની ઉત્પત્તિ ક્રમ અને ભવિષ્યમાં તેના આર્થિક સૌંદર્ય કે સંશોધનાત્મક લાભો પણ મહત્વ ધરાવે છે. જૈવિક વિવિધતાના પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ લાભોથી જ માનવજાતનું અસ્તિત્વ સંભવ છે. આપણી સુખાકારી સ્વાસ્થ્ય અને સમૃદ્ધિએ જીવોની જાતિઓની વિવિધતા પર સંપૂર્ણપણે આધારિત છે.

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

શરતે જ કાશ્મીર પરત ફરવા તૈયાર છે કે સૌપ્રથમ તો એમની સુરક્ષાની ખાતરી મળે અથવા તો એક એવો પ્રદેશ મળે કે જે સંપૂર્ણ પંડિતો નો હોય, જ્યાં પંડિતો પોતાને સુરક્ષિત મહેસુસ કરી શકે. આપણા દેશમાં બહુમતી-લઘુમતીના નામે અનેક પ્રકારના તાયફાઓ થઈ રહ્યા છે એવા સમયે કમ-સે-કમ છતે ઘરે પણ કેમ્પો અને સરકારી સહાયો પર નભતા આ પંડિતોને પણ લઘુમતી ગણીને સરકાર કશુક નક્કર પગલું ક્યારે ભરશે ? પોતાના મૂળથી વિખુટા પડી ગયેલા લાખો પંડિતોનું પુનર્વસન, પુનઃપ્રતિષ્ઠા અને કાશ્મીરિયતનું પુનરજાગરણ થાય તો જ કાશ્મીર ભારત માતાનો સાચો મુકુટ કહેવાય !!!

- akurjt@gmail.com

વિસામો : તાજેતરમાં જ કાશ્મીરના કુલગામ જિલ્લાના માલવણ નામના ગામમાં રહેતા એકમાત્ર હિંદુ-પંડિત જાનકીનાથનાં અવસાન વખતે એમની બધી જ અંતિમવિધિ ગામના જ મુસ્લિમોએ સજળ આંખોએ કરેલી.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

આપણી સાથે વર્ષોથી રહે છે એનામાં વિશ્વાસ નથી રાખતા. આપણી વ્યક્તિની વાત ગમે તેટલી સાચી હોય કે નહીં માનીને ઈશ્વરની શાસ્ત્ર લિખિત વાતો માનીને આપણે આપણું જીવન તો નથી બગાડતાને?

આ પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, તારા, નિહારિકા, બ્રહ્માંડ આ બધું એક વિશાળ ચુંબકીય શક્તિને કારણે એક લયમાં વહે છે. જેને કારણે સંસારમાં જીવનું આવાગમન થાય છે. જેને આપણે ઈશ્વર કે સુપર પાવર કહીએ છીએ તે આપણી અંદર જ છે. આપણે કોઈને સાચા હૃદયથી પ્રેમ કરીએ છીએ કે આપણે કોઈને ક્ષમા આપીએ છીએ. સુખ શાંતિ આપીએ છીએ. તો આપણી અંદર ઈશ્વર છે અને કોઈને નફરત કરીએ છીએ કે બદલાની ભાવના રાખીને હેરાન કરીએ છીએ કે પરિસ્થિતિનો લાભ લઈ શોષણ કરીએ છીએ તો આપણી અંદર દેવ નહીં પણ દાનવ વસે છે. જે છે તે બધું જ આપણી અંદર જ છે.

તો આવો, આપણે સૌ સાથે મળીને એકબીજાને પ્રેમ કરીએ, માન સન્માન આપીએ, નફરત, ધૃણા, ક્રોધ, વેરઝેર ત્યાગીને ક્ષમા કરીને સૌ એકબીજામાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને, જો આટલું કરીશું તો આપણે ક્યારેય કોઈ મંદિર, મસ્જિદ કે ચર્ચ જવાની જરુર નહીં રહે, કોઈ ધર્મ, સંપ્રદાય કે સાધુ મહાત્માને શરણે જવાની જરુર નહી રહે, જે બીજા માણસની પીડા વાંચી શકે છે એને કોઈ વેદ પુરાણ કે શાસ્ત્રો વાંચવાની જરુર નથી. ઈશ્વર એટલે જ મનુષ્ય અને મનુષ્ય એટલે જ ઈશ્વર.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**કામધેનુ યુનિવર્સિટી**

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. ૦૭૯-૬૧૭૨૧૯૧૮

**ટેન્ડર નોટીસ**

કામધેનુ યુનિવર્સિટી નીચે મુજબના કામ માટેનું ટેન્ડર આવકારે છે.
કામનું નામ : કામધેનુ યુનિવર્સીટી ખાતે મિનરલ વૉટર, કચેરીના સિક્કા, પ્રિન્ટરનો ટોનર રીફીલીંગ જેવી કામગીરીઓ માટે વાર્ષિક ભાવકરારનું કામ.

| ક્રમ નં. | વિગત | અગત્યની તારીખો |
|---|---|---|
| ૧ | બીડ ડાઉનલોડ કરવાની માટેની તારીખ | તા. ૮/૨/૨૦૧૬થી શરૂ કરી તા. ૧૫/૨/૨૦૧૬ના રોજ ૧૭.૦૦ કલાક સુધી |

રસ ધરાવતી પાર્ટીઓ www.ku.guj.org પરથી ટેન્ડર ડાઉનલોડ કરી, ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવ્યા અનુસારની પ્રક્રિયાથી ટેન્ડર સબમિટ કરી શકે છે. ટેન્ડર મંજુર કરવાની કે ના મંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.

માહિતી/૨૫૦૬/૨૦૧૫-૧૬ ઈ.રા. કાર્યપાલક ઈજનેર

